આ **evvie** મોબાઈલ ઍપ સહભાગીઓ સાથે તમે કામ કરો તે સમય રેકૉર્ડ કરવાની નવી રીત છે. તે સાદી અને ઝડપી રીત છે જે સુનિશ્ચિત કરશે કે તમે કામ કરો તે સમય યોગ્ય રીતે રેકૉર્ડ કરવામાં આવ્યો છે. ચાલો ઉપયોગ કરવા માટે ઍપ તૈયાર કરવા અને તમારી પ્રથમ શિફ્ટનાં રેકૉર્ડિંગ માટેનાં કેટલાક પગલાઓ પર આગળ વધીએ.

## ઍપ ડાઉનલોડ કરો – આઈફોન અથવા આઈપેડ

1. ઍપ સ્ટોર ઍપ ખોલો.
2. “Evvie” માટે શોધ કરો
3. **evvie** નામની ઍપ શોધો, ઍપનો આઇકોન વક્ર રેખા સાથે વાદળી અક્ષર A ધરાવે છે.
4. ઍપ તમારા ઉપકરણમાં ડાઉનલોડ કરો.

## ઍપ ડાઉનલોડ કરો – એન્ડ્રોઈડ ઉપકરણો

1. ગૂગલ પ્લે ઍપ ખોલો.
2. “Evvie” માટે શોધ કરો
3. **evvie** નામની ઍપ શોધો, ઍપનો આઇકોન વક્ર રેખા સાથે વાદળી અક્ષર A ધરાવે છે.
4. ઍપ તમારા ઉપકરણમાં ડાઉનલોડ કરો.

હવે તમે ઍપ ધરાવો છો, તો તમે તમારા કામ કરેલા સમયનું રેક ોર્ડિંગ કરવાનું શરૂ કરવા માટે તૈયાર છો. તમારા **FMS**One એકાઉન્ટ સેટ અપ કરવા માટેની સૂચનાઓ FMS પ્રદાતાઓ તમને અગાઉ ઈમેઈલ કરી જ હશે. તમે **evvie** મોબ ાઈલ ઍપનો ઉપયોગ કરવા માટે તમારી પાસે **FMS**One યુઝ રનેમ અને પાસવર્ડ હોવા જરૂરી છે. જો હજુ સુધી તમે તમારા **FMS**One લૉગિન સેટ અપ ધરાવતા ન હોવ, તો કૃપા કરીને તમે **evvie** મોબાઈલ ઍપમાં સાઈન ઈન કરવાનો પ્રયાસ કરો તે પહેલા તે કરવા માટેની સૂચના પત્રિકાની સમીક્ષા કરો. આ ઍપ એપલ અને એન્ડ્રોઈડ એમ બન્ને પ્રકારનાં ઉપકરણો માટે એકસમાન રીતે કામ કરે છે.

## ઍપમાં લૉગ ઈન કરો

1. ઍપ ખોલો.
2. વાદળી **FMS**One(એફ એમ એસ વન) બટન પર ક્લિક કરો.
3. તમારું ઉપકરણ તમને સાઈન ઈન પૃષ્ઠ પર લાવશે. તમારું **FMS**One ઈમેઈલ અને પાસવર્ડ દાખલ કરો, પછી Log In (લૉગ ઈન કરો) પર ક્લિક કરો.
4. હવે તમે સાઈન ઈન થયા હશો અને શિફ્ટ શરૂ કરવા માટે તૈયાર હશો!

## શિફ્ટ શરૂ કરવી

એકવાર તમે સાઈન ઈન થયા હોવ, પછી તમને જોવા મળતી પ્રથમ સ્ક્રીન તમે જેના માટે કામ કરતા હોવ તેવા સહભાગીઓની સૂચિ હશે. કદાચ એક વ્યક્તિ જ સૂચિબદ્ધ થયેલ હોઈ શકે, અથવા તમે અમુક ધરાવી શકો છો.

1. આજે તમે જેના માટે કામ કરી રહ્યા હોવ તે વ્યક્તિનાં નામ પર ક્લિક કરો.
2. સ્ક્રીનનાં બૉટમ પર એક વાદળી “ **Start Shift (શિફ્ટ શરૂ કરો)**” બટન રહેલું છે. તેનાં પર ક્લિક કરો.
3. તમારે પુષ્ટિ કરવાની જરૂર પડે છે કે તમે યોગ્ય વ્યક્તિ પસંદ કરી છે, જો તમે યોગ્ય વ્યક્તિ પસંદ કરી હોય, તો **Yes (હા)** પર ક્લિક કરો. જો તમે યોગ્ય વ્યક્તિ પસંદ ન કરી હોય, તો **No (ના)** પર ક્લિક કરો.
4. જો તમે Yes (હા) પર ક્લિક કર્યું હોય, તો **evvie** દ્વારા તમારી શિફ્ટ રેકૉર્ડ કરવાનું શરૂ થઈ ચૂક્યું હોય છે. તમે તમારા ઉપકરણને દૂર મૂકી શકો છો અને બાદમાં તેની પાસે આવી શકો છો.

## શિફ્ટ સમાપ્ત કરવી

તમે તમારી શિફ્ટ સબમિટ કરો તે પહેલા, તમારે ઍપમાં શિફ્ટ વિશે કેટલીક માહિતી દાખલ/પસંદ કરવાની જરૂર પડશે.

1. ઍપ ખોલો.
2. સૂચિમાંથી સર્વિસ કોડ પસંદ કરો.
3. સૂચિમાંથી સહભાગીની એનરોલમેન્ટ આઈડી પસંદ કરો.
4. જો તમારા પ્રોગ્રામ દ્વારા આવશ્યકતા હોય, તો આજે તમે જેનાં પર કામ કર્યું હોય એવા કોઈપણ ADL અથવા ટાસ્ક કોડ્સ પસંદ કરો.
5. સ્ક્રીનનાં ઉપરના જમણા ખૂણા પર **End Shift (શિફ્ટ સમાપ્ત કરો)** પર ક્લિક કરો.
6. પૉપ અપ પર **End and Complete Shift (શિફ્ટ સમાપ્ત કરો અને પૂર્ણ કરો)** પર ક્લિક કરો.
7. તમે એક સંદેશ જોશો કે તમારી શિફ્ટ સફળતાપૂર્વક સેવ કરવામાં આવી હતી.

અભિનંદન! તમે **evvie** મોબાઈલ ઍપ સાથે તમારી શિફ્ટ રેકૉર્ડ કરી છે.

ANNKISSAM
An HHAeXchange Company